સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે
શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત

---

(૧) બાકીની શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની ટકાવારીમાં વધારો કરવા બાબત.

(૨) વિધવાઓ, નિરાધાર બાળકોને અનામત પ્રથાનો લાભ.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-સશપ/૪૩૯૪/૧૯૧(૧)/અ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ:- ૧૨/૭/૯૪.

વંચાણમાં લીધા :-

(૧) સમાજ કલ્યાણ વિભાગના તા.૨૩/૨/૯૪ ના ઠરાવ ક્રમાંક:-સશપ/૪૩૯૪/૧૯૧/અ.

(૨) સમાજ કલ્યાણ વિભાગના તા.૪/૫/૯૪ ના ઠરાવ ક્રમાંક:-સશપ/૪૩૯૪/૧૯૧/અ.

ઠ રા વ :-

રાજ્ય સરકારે નોકરીઓમાં સીધી ભરતીની નિમણૂકોમાં તેમજ તબીબી, ઇજનેરી અને દંત-ચિકિત્સા કોલેજોમાં પ્રવેશ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેની પ્રવર્તમાન ટકાવારીમાં વધારો કરવાના હુકમો ઉપર સંદર્ભમાં જણાવેલાં આ વિભાગના તા.૨૩/૨/૯૪ ના ઠરાવ હેઠળ કર્યાં છે.

ઇજનેરી, તબીબી તથા દંત-ચિકિત્સા ઉપરાંત નીચે મુજબની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશના તબક્કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે ૧૦ ટકા અનામતનું ધોરણ પ્રવર્તમાન છે.

(૧) સી.પી.એડ., ડી.પી.એડ., બી.એડ., પી.ટી.સી., તથા જી.બી.ટી.સી. કોલેજોમાં

(૨) કૃષિ, પશુ ચિકિત્સા ફાર્મસી, હોમિયોપેથી કોલેજોમાં.

(૩) વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદામાં અનુસ્નાતક કક્ષાએ અને,

(૪) અન્ય શૈક્ષણિક સંસ્થાઓ જ્યાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે ૫ કે ૧૦ ટકા અનામત છે તે તમામમાં.

આ ધોરણ સુધારીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે પ્રવેશમાં ૨૭ ટકા અનામતનું ધોરણ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે. આ વધારાને લીધે હાલની બિન પછાત બેઠકોમાં ઘટાડો ન થાય તે માટે પ્રથમ તબકકામાં દરેક શૈક્ષણિક સંસ્થામાં જરુરી પ્રમાણમાં સંખ્યાધિક જગ્યાઓ ઉભી કરી (૧૭ ટકા વધુ લાભ આપવા માટે) તે જગ્યાઓ સામે વધારાની સંખ્યામાં પ્રવેશ મળવાપાત્ર થતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને પ્રવેશ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

હાલ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓ તથા બહેનો માટેના શિવણવર્ગો તેમજ કુટિર ઉદ્યોગ ખાતા નીચે ચાલતા તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રોમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગને પ્રવેશ માટે ૨૦ ટકા બેઠકો અનામત રાખવાનું ધોરણ છે તે સુધારીને ૨૭% રાખવાનું પણ ઠરાવવામાં આવે છે.

વિધવાઓ અને અનાથ બાળકો માટે અનામત :-

રાજ્યમાં વિધવા અને અનાથ બાળકો નિરાધાર પરિસ્થિતિમાં જીવતાં હોય છે. તેમનું જીવનધોરણ ઉચું લાવવામાં મદદરુપ થવા માટે અનામતનો લાભ આ વર્ગોને આપવા સરકારે નકકી કરેલ છે. હવે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે નિયત કરેલ ૨૭% અનામતમાં વિધવાઓ અને અનાથ બાળકોનો પણ સમાવેશ કરવાનો રહેશે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને/જાતિઓને ઉપર મુજબના અનામતના લાભો આપવા માટેના આ નીતિવિષયક નિર્ણયોને અમલમાં મુકવા વિગતવાર જરુરી આનુષાંગિક હુકમો સરકારના સબંધિત વિભાગોએ સત્વરે બહાર પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ટી.સી.એ. રંગદુરાઇ

(ટી.સી.એ. રંગદુરાઇ)
અધિક મુખ્ય સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

પ્રતિ,

X રાજ્યપાલશ્રીના સચિવશ્રી ,ગાંધીનગર

X મુખ્ય મંત્રીશ્રી/માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,ગાંધીનગર

સર્વે સંસદીય સચિવશ્રીઓના સચિવશ્રી

સામાન્ય વહીવટ વિભાગ(ગ-૪)સચિવાલય, ગાંધીનગર

નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર

શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના અન્ય વિભાગો

એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ

પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર

નિવાસી ઓડિટ અધિકારીશ્રી ,ગાંધીનગર.

X અન્ય પછાતવર્ગો માટેનું પંચ,ગાંધીનગર

સચિવશ્રી ગુજરાત રાજ્ય જાહેર સેવા આયોગ ,અમદાવાદ

રજીસ્ટ્રારશ્રી ,ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ

X સચિવશ્રી ,તકેદારી આયોગ ગાંધીનગર

X સચિવશ્રી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ અમદાવાદ

X સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

X સચિવશ્રી ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર

સમાજ કલ્યાણ હસ્તકના તમામ ખાતાના વડાઓ /બોર્ડ/કોર્પોરેશનો.

સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ

સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

સર્વે ખાતાના વડાઓ

વિભાગની તમામ શાખાઓ

સિલેકટ ફાઈલ

X પત્ર દવારા

ચૌહાણ:૧૨૭૯૪.